પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૬૪ | ૬ ડિસેમ્બર, ૨૦૨૨, મંગળવાર; માગશર સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# બીજા તબક્કામાં ૬૧ ટકા મતદાન

## રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીની મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પુરી થઈ : બે તબક્કાની ચૂંટણીમાં કુલ ૮૩૩ ઉમેદવારો લડ્યા, ભાજપ-કોંગ્રેસ સહિત તમામ પક્ષના ઉમેદવારના ભાવિ મતપેટીમાં સીલ, આઠમીએ પરિણામ







અમદાવાદ, તા.૫

રાજ્યમાં બે તબક્કામાં યોજાયેલી મતદાનની પ્રક્રિયા આજે પૂર્ણ થઈ ગઈ છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં બીજા તબક્કામાં ૧૪ જિલ્લાઓમાં ૯૩ બેઠકો પર યોજાયેલી ચૂંટણી અંદાજે ૬૧ ટકાથી વધુ મતદાન થયાનું જાણવા મળ્યું છે. સૌથી વધુ સાબરકાંઠામાં ૬૫.૮૪ ટકા અને સૌથી ઓછું અમદાવાદમાં ૫૩.૫૭ ટકા મતદાન થયું હોવાનું જામવા મળ્યું છે. પહેલા તબક્કામાં સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ બીજા તબક્કામાં મધ્ય અને ઉત્તર ગુજરાતમાં મતદાન થયું હતું. પહેલા તબક્કામાં ૬૩.૩૧ ટકા વોટિંગ થયું હતું. બીજા તબક્કામાં પણ પ્રમાણમાં ઓછું વોટિંગ રહ્યું હોવાના આંકડા સામે આવ્યા છે. અમદાવાદના શહેરી વિસ્તારો અને ખાસ કરીને પોશ એરિયામાં વોટિંગ ઓછું થયું હોવાની શક્યતા છે. જોકે, સાંજે પાંચ વાગ્યા સુધી કેટલાક બૂથો પર લોકોની લાઈનો જોવા મળી હતી. બે તબક્કામાં થયેલા મતદાનની ગણતરી ૦૮ ડિસેમ્બરે થશે, અને આ જ દિવસે કોની સરકાર બનશે તે પણ સ્પષ્ટ થઈ જશે.

૦૫ ડિસેમ્બરે થયેલા બીજા તબક્કામાં પીએમ નરેન્દ્ર મોદી, સીએમ ભૂપેન્દ્ર પટેલ, ગૃહમંત્રી અમિત શાહ, યુપીના ગવર્નર આનંદીબેન પટેલે વોટિંગ કર્યું હતું. રાજ્યમાં આમ આદમી પાર્ટીની એન્ટ્રી સાથે ચૂંટણી થોડી રસપ્રદ બની હતી, પરંતુ ઓછા મતદાનનો ફાયદો કોને થશે અને કોને નુક્સાન ઉઠાવવું પડશે તેના પર સૌની નજર છે. ઉલ્લેખનીય છે કે, ભાજપ કોંગ્રેસ તેમજ આમ આદમી પાર્ટી પોતાની સરકાર બનશે તેવા દાવા કરી રહ્યા છે. કુલ ૮૩૩ ઉમેદવારો આ ચૂંટણી લડ્યા છે, પરંતુ તેમાંથી કેટલા ગાંધીનગર પહોંચશે તે જોવા ૦૮ ડિસેમ્બર સુધી રાહ જોવી પડશે.

આ ચૂંટણીમાં છેલ્લી ઘડીએ પીએમ નરેન્દ્ર મોદી તેમજ ગૃહમંત્રી અમિત શાહે ધૂંઆધાર પ્રચાર કર્યો હતો. યુપીના સીએમ યોગી આદિત્યનાથ સહિતના સ્ટાર પ્રચારકોને પણ મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા. જોકે, તેની મતદાન પર ખાસ અસર

● અનુસંધાન પાન-૭ પર

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાણીપની સ્કૂલમાં કર્યું મતદાન

અમદાવાદ, તા.૫

ગુજરાતમાં સોમવારે બીજા અને અંતિમ તબક્કાનું મતદાન થયું હતું. ઉત્તર અને મધ્ય-પૂર્વ ગુજરાતના ૧૪ જિલ્લાની ૯૩ બેઠકો પર એટલે કે કુલ ૧૮૨ બેઠકોમાંથી ૫૧ ટકા બેઠકો પર મતદાન થયું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે ૯ વાગ્ય આસપાસ અમદાવાદની સાબરમતી વિધાનસભામાં રાણીપ વિસ્તારમાં આવેલી નિશાન સ્કૂલ ખાતે મતદાન કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મતદાનને લઈ અને નિશાન સ્કૂલ ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો. પ્રોટોકોલ મુજબ વડાપ્રધાનના



● અનુસંધાન પાન-૭ પર

### બીજા તબક્કામાં અંદાજીત ક્યાં કેટલું મતદાન

| ક્રમનં. | બેઠક | ટકા | ક્રમનં. | બેઠક | ટકા |
|---|---|---|---|---|---|
| ૦૫૦ | અમરાઈવાડી | ૪૯.૬૮ | ૧૩૦ | ઝાલોદ | ૫૪.૫૪ |
| ૦૫૬ | અસારવા | ૪૫.૪૦ | ૧૩૧ | લીમખેડા | ૬૫.૨૦ |
| ૦૪૯ | બાપુનગર | ૫૪.૯૬ | ૦૩૪ | દેહગામ | ૬૧.૯૭ |
| ૦૫૪ | દાણીલીમડા | ૫૫.૩૯ | ૦૩૬ | ગાંધીનગર-ઉત્તર | ૫૩.૫૫ |
| ૦૫૧ | દરીયાપુર | ૪૭.૧૪ | ૦૩૫ | ગાંધીનગર-દક્ષિણ | ૫૮.૨૧ |
| ૦૫૭ | દશક્રાઈ | ૬૪.૪૪ | ૦૩૮ | કલોલ | ૫૮.૨૦ |
| ૦૫૯ | ધંધુકા | ૫૪.૧૩ | ૦૩૭ | માણસા | ૬૫.૧૨ |
| ૦૫૮ | ધોળકા | ૫૭.૦૦ | ૧૨૦ | કપડવંજ | ૬૪.૮૦ |
| ૦૪૪ | એલીસબ્રીજ | ૫૩.૫૪ | ૧૧૮ | મહુધા | ૬૧.૧૪ |
| ૦૪૧ | ઘાટલોડીયા | ૫૫.૦૪ | ૧૧૫ | માતર | ૬૬.૭૧ |
| ૦૫૨ | જમાલપુર-ખાડીયા | ૫૩.૧૧ | ૧૧૭ | મહેમદાવાદ | ૬૪.૮૬ |
| ૦૫૩ | મણીનગર | ૫૩.૦૮ | ૧૧૬ | નડીયાદ | ૫૬.૩૩ |
| ૦૪૫ | નારણપુરા | ૫૬.૫૩ | ૧૧૯ | ઠાસરા | ૬૨.૨૬ |
| ૦૪૭ | નરોડા | ૪૦.૨૧ | ૦૨૩ | બેચરાજી | ૬૧.૦૦ |
| ૦૪૬ | નિકોલ | ૫૪.૪૨ | ૦૨૪ | કડી | ૬૩.૭૦ |
| ૦૫૫ | સાબરમતી | ૪૯.૧૬ | ૦૨૦ | ખેરાલુ | ૫૭.૮૦ |
| ૦૪૦ | સાણંદ | ૫૮.૩૩ | ૦૨૫ | મહેસાણા | ૫૦.૬૮ |
| ૦૪૮ | ઠક્કરબાપા નગર | ૪૯.૩૬ | ૦૨૧ | ઉંઝા | ૬૧.૫૪ |
| ૦૪૩ | વટવા | ૫૨.૫૪ | ૦૨૬ | વિજાપુર | ૬૮.૦૦ |
| ૦૪૨ | વેજલપુર | ૪૩.૭૮ | ૦૨૨ | વિસનગર | ૬૬.૧૨ |
| ૦૩૯ | વિરમગામ | ૬૦.૩૧ | ૧૨૧ | બાલાસિનોર | ૪૯.૭૯ |
| ૧૧૨ | આણંદ | ૫૪.૫૯ | ૧૨૨ | લુણાવાડા | ૬૦.૬૦ |
| ૧૧૦ | આંકલાવ | ૬૮.૪૪ | ૧૨૩ | સંતરામપુર | ૫૨.૦૦ |
| ૧૦૯ | બોરસદ | ૬૦.૧૮ | ૧૨૬ | ગોધરા | ૬૩.૬૫ |
| ૧૦૮ | ખંભાત | ૫૮.૪૨ | ૧૨૮ | હાલોલ | ૬૧.૩૨ |
| ૧૧૩ | પેટલાદ | ૬૧.૧૪ | ૧૨૭ | કાલોલ | ૬૩.૫૦ |
| ૧૧૪ | સોજીત્રા | ૫૮.૭૭ | ૧૨૫ | મોરવા હડફ | ૫૬.૧૦ |
| ૧૧૧ | ઉમરેઠ | ૫૪.૨૦ | ૧૨૪ | શહેરા | ૬૪.૭૭ |
| ૦૩૨ | બાયડ | ૬૧.૫૦ | ૦૧૭ | ચાણસ્મા | ૫૧.૯૭ |
| ૦૩૦ | ભિલોડા | ૫૫.૯૦ | ૦૧૮ | પાટણ | ૫૮.૨૫ |
| ૦૩૧ | મોડાસા | ૬૩.૯૮ | ૦૧૬ | રાધનપુર | ૫૬.૨૨ |
| ૦૧૦ | દાંતા | ૬૪.૧૪ | ૦૧૯ | સિધ્ધપુર | ૬૩.૧૦ |
| ૦૧૩ | ડિસા | ૬૧.૭૦ | ૦૨૭ | હિંમતનગર | ૬૨.૩૦ |
| ૦૧૪ | દિયોદર | ૭૪.૦૨ | ૦૨૮ | ઈડર | ૬૩.૨૫ |
| ૦૦૯ | ધાનેરા | ૬૯.૮૦ | ૦૨૯ | ખેડબ્રહ્મા | ૬૯.૫૪ |
| ૦૧૫ | કાંકરેજ | ૬૧.૩૧ | ૦૩૩ | પ્રાંતિજ | ૬૮.૫૦ |
| ૦૧૨ | પાલનપુર | ૫૯.૬૧ | ૧૪૩ | અકોટા | ૪૯.૦૦ |
| ૦૦૮ | થરાદ | ૭૮.૦૨ | ૧૪૦ | ડભોઈ | ૬૨.૩૪ |
| ૦૧૧ | વડગામ | ૬૦.૧૭ | ૧૪૭ | કરજણ | ૬૨.૫૩ |
| ૦૦૭ | વાવ | ૬૫.૦૯ | ૧૪૫ | માંજલપુર | ૫૨.૩૭ |
| ૧૩૭ | છોટાઉદેયપુર | ૫૬.૬૭ | ૧૪૬ | પાદરા | ૬૧.૮૦ |
| ૧૩૮ | જેતપુર | ૬૪.૧૦ | ૧૪૪ | રાવપુરા | ૫૧.૫૧ |
| ૧૩૯ | સંખેડા | ૬૫.૩૦ | ૧૩૫ | સાવલી | ૬૯.૫૪ |
| ૧૩૨ | દાહોદ | ૫૬.૪૫ | ૧૪૨ | સયાજીગંજ | ૫૫.૦૧ |
| ૧૩૪ | દેવગઢબારીયા | ૬૦.૪૮ | ૧૪૧ | વડોદરા શહેર | ૫૭.૬૩ |
| ૧૨૯ | ફતેપુરા | ૫૨.૦૮ | ૧૩૬ | વાઘોડીયા | ૬૩.૫૭ |
| ૧૩૩ | ગરબાડા | ૪૮.૧૦ | | | |

# એક્ઝિટ પોલ : ફીર એકબાર ભાજપ સરકાર

## રાજ્યમાં મતદાન પૂરું થતાની સાથે એક્ઝિટ પોલ આવ્યા : બહુ ગાજેલા આપને ખૂબજ ઓછી બેઠક મળવાનું અનુમાન, કોંગ્રેસ ફરી બીજા ક્રમે રહેશે : અપક્ષોના ચુંટણીમાં તદ્દન નબળા દેખાવનું અનુમાન

અમદાવાદ, તા.૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું પ્રથમ અને બીજા તબક્કાનું મતદાન પૂર્ણ થતાની સાથે જ હવે પરિણામો પહેલાની ઉત્સુકતા જોવા મળી રહી છે, ત્યારે ચૂંટણીનું મતદાન પૂર્ણ થયા બાદ હવે એક્ઝિટ પોલના સર્વે જાહેર થવાના શરૂ થયા છે. ૧૮૨ વિધાનસભા બેઠકમાંથી કોને કેટલી સીટો મળશે તે અંગેના એક્ઝિટ પોલના સર્વે સામે આવ્યા છે. ગુજરાતમાં કોણ જીતશે કમળ, પંજો કે આપ ? તેની ચર્ચા ચોમેર થવા લાગી છે. શું કહે છે એક્ઝિટ પોલના આંકડા ? એક્ઝિટ પોલના તારણ મુજબ ગુજરાતમાં કોની સરકાર બનશે? ત્યારે જોઈએ એક્ઝિટ પોલના સર્વે મુજબ કયા પક્ષને કેટલી બેઠકો મળવાની સંભાવના છે.

ઉલ્લેખનિય છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું પ્રથમ અને બીજા તબક્કાનું મતદાન પૂર્ણ થયું છે. હવે તમામ ૧૮૨ બેઠકો પરનું પરિણામ ૮મી ડિસેમ્બરે જાહેર થશે. રાજ્યમાં સરકાર બનાવવા માટે કોઈપણ પક્ષને ૯૨ બેઠકો જીતવી જરૂરી છે. પહેલા તબક્કામાં સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતના ૧૯ જિલ્લાની ૮૯ બેઠક પર મતદાન થયું હતું. પહેલા તબક્કામાં ૬૨.૮૯ મતદાન થયું છે. જ્યારે બીજા તબક્કામાં ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ૧૪ જિલ્લાની ૯૩ બેઠકો પર સરેરાશ ૬૦ ટકાથી વધુ મતદાન થયું છે. બીજા તબક્કા ચૂંટણીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત રાજ્યના ૭ મંત્રીઓ, ભાજપના ઉમેદવાર હાર્દીક પટેલ, અલ્પેશ ઠાકોર, કોંગ્રેસના સુખરામ રાઠવા, જિજ્ઞેશ મેવાણી અને આમ આદમી પાર્ટીના ભરતસિંહ વાઘેલા તેમજ ભીમાભાઈ ચૌધરી જેવા દિગ્ગજ નેતાઓ માટે મતદાન થયું હતો. તો પ્રથમ તબક્કાના કેટલાક અગ્રણી ઉમેદવારોમાં ઈસુદાન ગઢવી, પુરુષોત્તમ સોલંકી, કુંવરજી બાવળિયા, કાંતિલાલ અમૃતિયા, રીવાબા જાડેજા અને ગોપાલ ઈટાલિયાનો સમાવેશ થાય છે.

૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપ દ્વારા ૧૫૦ બેઠકનું અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું, પરંતુ અનેક પાટીદાર, દલિત, ઠાકોર સમાજના સહિતના

● અનુસંધાન પાન-૭ પર

### એક્ઝિટ પોલમાં કોને કેટલી બેઠકોનું અનુમાન

| સ્ત્રોત | ભાજપ | કોંગ્રેસ | આપ | અપક્ષ |
|---|---|---|---|---|
| ટીવીલ ભારતવર્ષ | ૧૨૫થી ૧૩૦ | ૪૦થી ૫૦ | ૩થી ૫ | ૭ |
| ન્યૂઝ ૧૮ | ૧૩૨ | ૩૮ | ૭ | ૫ |
| આર.ભારત | ૧૨૮-૧૪૮ | ૩૦-૪૨ | ૦૨-૧૦ | ૩ |
| એબીપી સીએસબીએસ | ૧૨૫-૧૩૦ | ૪૦-૫૦ | ૩-૫ | ૩-૪ |
| જનકી બાત | ૧૨૯ | ૪૩ | ૧૦ | ૦૦ |
| ટીવી ૯ | ૧૨૮ | ૪૫ | ૦૪ | ૦૫ |
| પી માર્ક | ૧૩૮ | ૩૬ | ૦૬ | ૦૨ |

# લાલુ યાદવની સિંગાપુરમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી

## લાલુની પુત્રીએ ટ્વીટ કરીને તસવીરો શેર કરી : લાલુની બંને કિડની ૨૮% કામ કરે છે, પુત્રીએ ડોનેટ કરેલી કીડનીના ટ્રાન્સપ્લાન્ટ બાદ તે ૭૦% કામ કરશે

પટના, તા.૫

રાષ્ટ્રીય જનતા દળ સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવને આજે





સિંગાપુરમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. તેમની દીકરી રોહિણી આચાર્ય તેમને કિડની આપી રહી છે. રોહિણી આચાર્ય જ સતત ટ્વીટ કરી તસવીરો પણ શેર કરી રહી છે અને એક પ્રકારે ક્ષણ-ક્ષણની માહિતી પણ આપી રહી છે. સોમવારે ઓપરેશન પહેલા રોહિણીએ ફરી ટ્વીટ કર્યું હતું.

કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે પહેલા રોહિણીનું ઓપરેશન થશે. ફોટોમાં જોઈ શકાય છે કે, રોહિણી ઓપરેશન પહેલા હોસ્પિટલના બેડ પર સૂતી છે. તેમના ચેહરા હિંમત જોઈ શકાય છે. રોહિણીએ ફોટોમાં વિક્ટ્રી સાઈન વી પણ બનાવ્યો છે.

લાલૂની ૭ દિકરી અને બે દીકરામાં રોહિણી બીજા નંબરની દીકરી છે. હોસ્પિટલ જવા પહેલા રોહિણીએ પોતાની ભાવના વ્યક્ત કરતા કહ્યું હતું કે, સામાન્ય જનતા માટે લાલુ પ્રસાદનું સ્વસ્થ રહેવું ખૂબ જ જરૂરી છે. એટલા માટે તેમણે આ સાહસિક નિર્ણય લીધો છે. લાલુ યાદવને હોસ્પિટલમાં શિફ્ટ કરી દેવામાં આવ્યા છે.

હોસ્પિટલ જવાના થોડા કલાક પહેલા રોહિણીએ લાલુપ્રસાદ માટે પોતાની ભાવનાઓ વ્યક્ત કરી છે. લાલૂની બીજા નંબરની દીકરી રોહિણીએ લખ્યું કે, ઈશ્વરને તેમણે નથી જોયા પરંતુ ઈશ્વરના રૂપમાં પિતાને જોયા છે.

### રિફંડ એડજસ્ટ માટે તંત્રએ ૨૧ દિ'માં નિર્ણય લેવો પડશે

નવી દિલ્હી, તા.૫

આવકવેરા વિભાગે બાકી ટેક્સ સામે રિફંડ એડજસ્ટ કરવાના સંદર્ભમાં કરદાતાઓને રાહત આપી છે. ટેક્સ સત્તાવાળાઓએ હવે ૨૧ દિવસમાં આવા કેસમાં નિર્ણય લેવાનો રહેશે. પહેલા આ સમયગાળો ૩૦ દિવસનો હતો. આ નિર્ણયથી દાવાઓમાં ઘટાડો થશે. આવકવેરા વિભાગ દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, જો કરદાતા એડજસ્ટમેન્ટ માટે સંમત ન થાય અથવા આંશિક રીતે સંમત થાય, તો સેન્ટ્રલ પ્રોસેસિંગ યુનિટ (સીપીસી) દ્વારા કેસ તરત જ આકારણી અધિકારીને મોકલવામાં આવશે. અધિકારીઓ ૨૧ દિવસની અંદર સીપીસીને તેમનો અભિપ્રાય આપશે કે એડજસ્ટમેન્ટ થઈ શકે કે નહીં. કલમ ૨૪૫ હેઠળ આકારણી અધિકારી, કરદાતા વતી બાકી રહેલી કોઈપણ કર માંગ સામે રિફંડને સમાયોજિત કરી શકે છે.

# ઈન્ટરનેટ વાપરવામાં ભારતની મહિલાઓ ખૂબજ પાછળ છે

## એનજીઓ ઓક્સફેમ ઈન્ડિયા દ્વારા તારણ : ભારતમાં માત્ર એક તૃતીયાંશ ઈન્ટરનેટ યુઝર મહિલાઓ

નવી દિલ્હી, તા.૫

એનજીઓ ઓક્સફેમ ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ઈન્ટરનેટ વપરાશમાં મહિલાઓ હજુ પણ ઘણી પાછળ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં માત્ર એક તૃતીયાંશ ઈન્ટરનેટ યુઝર મહિલાઓ છે. એનજીઓ દ્વારા રવિવારે બહાર પાડવામાં આવેલા 'ઈન્ડિયા ઈનઈક્વાલિટી રિપોર્ટ ૨૦૨૨: ડિજિટલ ડિવાઈડ' અનુસાર ભારતીય મહિલાઓ પાસે મોબાઈલ ફોન રાખવાની શક્યતા ૧૫ ટકા ઓછી છે અને પુરુષો કરતાં મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓનો ઉપયોગ કરવાની શક્યતા ૩૩ ટકા ઓછી છે.

અભ્યાસમાં જણાવાયું છે કે એશિયા-પેસિફિક ક્ષેત્રમાં, ભારતે ૪૦.૪ ટકાના વ્યાપક લિંગ તફાવત સાથે સૌથી ખરાબ પ્રદર્શન કર્યું છે. અહેવાલ ગ્રામીણ-શહેરી ડિજિટલ વિભાજન તરફ પણ નિર્દેશ કરે છે. અહેવાલમાં જણાવાયું છે કે વાર્ષિક ૧૩ ટકાના નોંધપાત્ર (ડિજિટલ) વૃદ્ધિ દરની નોંધણી કરવા છતાં, તેમના શહેરી સમકક્ષોના ૬૭ ટકાની સરખામણીએ માત્ર ૩૧ ટકા ગ્રામીણ વસ્તી ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. રિપોર્ટમાં જાન્યુઆરી ૨૦૧૮ થી ડિસેમ્બર ૨૦૨૧ દરમિયાન કરવામાં આવેલા સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (સીએમઆઈઈ)ના ઘરગથ્થુ સર્વેક્ષણના પ્રાથમિક ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

રાજ્યોમાં, મહારાષ્ટ્રમાં સૌથી વધુ ઈન્ટરનેટ પેનિટ્રેશન છે, ત્યારબાદ ગોવા અને કેરળ છે.

JOB VACANCY

MyCosmos Jobs.com Since 35 Years

- HR Manager
- Payroll Executive (PF & ESIC work)
- HR Executive (Recruiter)
- Field Officer
- Accountant
- IT Executive
- Recruiter - (Work From Home)
- Digital Marketing Executive
- Placement Executive
- Tele Marketing Executive
- Driver (For Luxurious Cars)

COSMOS C.M.P.L

COSMOS MANPOWER PVT. LTD.
B-183/184, G.I.D.C., Sector - 25,
Nr. Madhur Dairy, "K" Road, Gandhinagar - 382025

Contact Number : 07966707777 / 9909922628 / 9979846157
Email : recruitment@cosmosgroup.in / job@cosmosgroup.in
Portal : www.mycosmosjobs.com Website : www.cosmosgroup.in